ગાંધીનગર સમાચાર

# મારો વિશ્વાસ યુવાશક્તિ પર છે, જે તેમના પરાક્રમોથી વિશ્વને બદલી નાખશે : સ્વામી વિવેકાનંદ


**(સ્વામી વિવેકાનંદ જયંતી)**

૧૮૯૩માં શિકાગોના ધી આર્ટ ઈન્સ્ટિટ્યુટ ખાતે યોજાયેલી ધર્મ સંસદમાં વિદ્યાના દેવી સરસ્વતી ને પ્રણામ કરીને 'અમેરિકાના ભાઈઓ તથા બહેનો' આ શબ્દો કાને પડતાં ઉપસ્થિત સાત હજારની મેદનીએ ઉભા થઈને બે મિનિટ સુધી તાળીઓ પાડીને તેમનું સન્માન કર્યુ, યુરોપ અને અમેરિકામાં વેદાંત અને યોગના જન્મદાતા અને ૧૯મી સદીના અંતે હિન્દુ ધર્મને વિશ્વકક્ષાએ પ્રસ્થાપીત કરવાનો શ્રેય જેમને જાય છે તેવા સ્વચ્છ હૃદય ને બુધ્ધિવૈભવ ધરાવતા અને રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદ (જન્મે નરેન્દ્રનાથ દત્ત) ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કલકત્તા ખાતે માતા ભુવનેશ્વરી દેવીની કૂખે થયો હતો. પિતા વિશ્વનાથ દત્ત કલકત્તા હાઈકોર્ટમાં એટર્ની હતા. રામકૃષ્ણ કહેતા કે: ' તારા લલાટમાં માયા નથી. તું એને માટે જન્મ્યો નથી.ક્ષ્ રામકૃષ્ણે નરેન્દ્રમાંથી વિવેકાનંદ પ્રગટાવ્યો. તો વિવેકાનંદે પરમહંસની ભક્તિમાં રહેલાં જ્ઞાન અને



કર્મનાં બીજને એવાં વિકસાવ્યાં કે જેને કારણે રામકૃષ્ણ મિશન જ્ઞાન, ભક્તિ અને કર્મનું મિશન બન્યું છે. સ્વામી વિવેકાનંદ જૈન અને બૌધ્ધસ્વરૂપ તો કોઇ વાર ઈસાઈ ધર્મ ઉપર વાર્તાલાપ કરતા. અંગ્રેજીના જ્ઞાનને લીધે ગુરુ રામકૃષ્ણનો સંદેશ ' માનવ સેવા એજ સાચી પ્રભુ પ્રાર્થના છે ક્ષ્ની આખા ભારતમાં પ્રચલિત થયો. ગુરૂના અવસાન બાદ પરિવ્રાજક બની તેમણે સમગ્ર ભારત ખંડમાં પરિભ્રમણ કર્યુ અને ભારતની સ્થિતિનો તાગ મેળવ્યો. તેઓ મુખ્યત્વે ભિક્ષા કે ભીખ પર નભતા તેઓ પોતાની સાથે કમંડલ અને તેમના બે પ્રિય પુસ્તકો-ભગવદ્ ગીતા અને ધ ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ હંમેશા રાખતા.

ભારતવર્ષને ભૂખે મરવા ન દેવાય, જો પશ્ચીમ દેશો પાસે ભૌતિક સંપત્તિ છે તો ભારતવર્ષ પાસે આધ્યાત્મિક સંપત્તિ છે અને તેની લેણદેણ નહીં થાય તો ભારતવર્ષ ભૂખનું માર્યું મરશે અને તે માટે તેઓએ પશ્ચીમના દેશોનો પ્રવાસ કરવાનું વિચાર્યુ. શિકાગોની ધર્મ સંસદમાં ઓળખકાર્ડ વગર પ્રવેશ આપવામાં આવતો નહોતો. સ્વામી પાસે ઓળખકાર્ડ નહોતું. તે સમયે તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર જ્હોન હેનરી રાઇટના પરિચયમાં આવ્યા. હાર્વર્ડ ખાતે સ્વામીએ ભાષણ આપ્યું. તે સાંભળી રાઈટે સ્વામી પાસે ધર્મ સંસદમાં પ્રવેશ માટે ઓળખકાર્ડ ન હોવા વિશે જાણ્યું ત્યારે રાઈટે એવું કહ્યું હોવાનું નોંધાયું કે, ''તમારી પાસે ઓળખપત્ર માગવું એટલે સ્વર્ગમાં પ્રકાશવા માટેનો પોતાનો અધિકાર જણાવવાનું સૂર્યને પૂછવા બરોબર છે.'' રાઈટે ત્યાર બાદ પ્રતિનિધિઓનો ચાર્જ સંભાળતા અધ્યક્ષને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું કે, ''અહીં એક એવો માણસ છે, જે આપણા તમામ વિદ્વાન પ્રોફેસરો ભેગા થાય તો પણ તેમનાથી વધારે વિદ્વાન છે.''



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

વિવેકાનંદની માતાએ તેમના આધ્યાત્મિક વિકાસમાં ખુબજ મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ હંમેશા કહેતા કે : 'મારા જ્ઞાનના વિકાસ માટે હું મારી માતાનો ઋણી છું.' તેઓ કોઇ પણ વાતને બૌધિક પુરાવા અને વ્યવહારિક ચકાસણી વિના માનવાનો ઈન્કાર કરતા હતાં. તેમની યાદશક્તિ અદભૂત હતી અને તેથી જ તેઓ શ્રુતિધર કહેવાયા.

ગુજરાતના પ્રવાસ દરમિયાન તેમણે ગિરનારની ગુફાઓમાં અનેક દિવસો કઠીન સાધના કરેલ. પોરબંદરમાં અગિયાર માસ ગાળેલ અને તે વખતે પતજંલિના ભાષ્યનો તથા તત્વચિંતન અને સંસ્કૃતનો અભ્યાસ કરેલો. ઉપરાંત, અમદાવાદ, વઢવાણ, કચ્છ, દ્વારકા, પાલિતાણા, વડોદરાની મુલાકાત લીધેલી. લીંબડીના ઠાકોર સાહેબ જસવંતસિંહે વિવેકાનંદને વેદાંતનો ઉપદેશ આપવા પશ્ચિમના દેશોમાં જવાનો વિચાર આપ્યો. ગોવાની અધ્યાત્મવિદ્યાની સૌથી જુની કોન્વેન્ટ કોલેજ રેચોલ સેમિનરીમાં તેમણે ત્રણ દિવસ ગાળ્યા. અહીં તેમણે ખ્રિસ્તી ધર્મની મહત્વની અધ્યાત્મિક કૃતિઓનો અભ્યાસ કર્યો હોવાનું કહેવાય છે.

કન્યાકુમારી ખાતે વિવેકાનંદને ''એક ભારતનો વિચાર'' આવ્યો. ત્યાં તેમને જે શિલા ઉપર ગુરુ અને જગદંબાનાં દર્શન થયાં તે ' વિવેકાનંદ શિલા ક્ષ્ તરીકે ઓળખાય છે. અહીં સ્વામીએ ત્રણ દિવસ ધ્યાન ધર્યું. ફકત ૩૯ વર્ષ જેટલા ટૂંકા આયુષ્યમાં તેમણે પોતાના જીવન, પ્રેરણા, વિચાર, સાહિત્ય તેમજ કાર્યોથી યુવાનોને પ્રેરિત કરતો સંદેશ મદ્રાસમાં તેમના ભાષણમાં આપ્યો : ''મારો વિશ્વાસ યુવાશક્તિ પર છે. એમાંથી જ મારા કાર્યકર્તાઓ પેદા થશે, જે તેમના પરાક્રમોથી વિશ્વને બદલી નાખશે.'' અને ''જે મનુષ્યને પોતાની જાતમાં શ્રધ્ધા નથી તે નાસ્તિક છે.''

સ્વામી વિવેકાનંદના મોટાભાગના લખાણો ભારતીય યુવાઓ અને યુવાશક્તિ વિશે હતા. અને તેથીજ કોઈકે બરાબર કહ્યું છે કે, જો તમે સ્વામીજીનું પુસ્તક સૂતાં સૂતાં વાંચો તો સ્વાભાવિક જ ઊઠીને બેઠા થઈ જશો. જો બેઠા થઈને વાંચશો તો ઊઠીને ઊભા થઈ જશો અને જે ઊભા થઈને વાંચશો કામમાં પરોવાઈ જશો. પોતાના લક્ષ તરફ ચાલ્યા જવાશે. તેમનાં વ્યક્તવ્યોની અસર મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, સુભાષચન્દ્ર બોઝ, અરવિંદ ઘોષ, રાધાકૃષ્ણન જેવા રાષ્ટ્રિય નેતાઓ ઉપર હતી. ભારતના પ્રથમ ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીએ નોંધ્યુ કે: 'વિવેકાનંદે હિન્દુ ધર્મને બચાવ્યો અને ભારતને બચાવ્યુ. કવિ રવિન્દ્રનાથ ટાગોરે જણાવ્યુ કે: 'તમારે ભારતને જાણવુ હોય તો વિવેકાનંદનો અભ્યાસ કરો. તેમનામાં દરેક વસ્તુ સકારાત્મક(સર્જનાત્મક) છે અને કશું જ નકારાત્મક નથી.'

(M) 94282019031



પેથાપુર ખાતે નાની નાયી વાસ, પંડ્યા બિલ્ડીંગ વિસ્તારમાં દરેક જ્ઞાતિની બહેનોએ સાથે મળીને ઉત્તરાયણ નિમિત્તે કૂતરાઓ માટે અંદાજિત ૨૦ કિલો જેટલા ભૈડણના લાડુ બનાવ્યા હતા. આશરે છેલ્લા ૮ વર્ષથી આ પ્રકારનું આયોજન થાય છે. નાયી વાસની મહિલાઓ લાડુ તૈયાર થયા બાદ ગ્રુપની મહિલામાં સરખે ભાગે લાડુની વહેંચણી કરી કૂતરાઓ માટે તેમને અલગ અલગ સ્થળે ખવરાવવા માટે જાય છે...

# રૂપાલ અને રાંધેજાની શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્યનો પ્રારંભ





ગાંધીનગર, તા. ૧૧

છેલ્લા નવ મહિનાથી કોરોના વાઈરસની મહામારીને લીધે શાળા સ્કુલ-કોલેજ બંધ હતી. પુરા નવ મહિના પછી કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર ની ગાઈડ લાઈન મુજબ આજથી જિલ્લામાં હાલ ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડ ના વિદ્યાર્થી ના ભાવી અભ્યાસ ને ધ્યાન મા લઈને શરુ કરવામાં આવી છે.વાલીઓમાં આનંદ અને ઉલ્લાસ જોવા મળ્યો હતો.

જિલ્લાના શ્રી રાંધેજા કેળવણી મંડળ દ્વારા સંચાલિત જે.એસ.પટેલ વિદ્યામંદિર તેમજ શ્રી વરદાયીની હાઈસ્કુલ રૂપાલ ખાતે વાલીઓ દ્વારા બાળકો ને માસ્ક પેરાવીને અને સેનેટાઈઝર લગાવી શાળા એ મોકલવામાં આવ્યા હતા. આ સાથે શાળાના સંચાલકો દ્વારા બાળકોને હેન્ડ સેનેટાઈઝર તેમજ થર્મલ ગન દ્વારા ટેમ્પરેચર માપીને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. શિક્ષણ મિત્રોમાં પણ આનંદની લાગણી જોવા મળતી હતી , તેમજ તમામ સેફટી સાથે બાળકોને સોશીયલ ડિસ્ટન્સ સાથે બાળકોને વર્ગખંડમાં બેસાડ્યા હતા અને રેગ્યુલર ફીઝીકલ ક્લાસ લેવામાં આવ્યા હતો.

# વાવોલ એમ. બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં શિક્ષણકાર્યનો પ્રારંભ


ગાંધીનગર,તા. ૧૧

સૌથી વધુ અસગ્રસ્ત શિક્ષણતંત્ર હવે કાર્યરત થયું ત્યારે વાવોલ શ્રી એમ.બી પટેલ વિદ્યાલયમાં ધોરણ -૧૦ નાં વિદ્યાથીઓને ધારાસભ્ય શંભુજી ઠાકોર મુલાકાતે આવ્યા તેમને વિદ્યાથીઓને આવકાર્યા તથા શૈક્ષણિક કીટ આપી પ્રવેશોત્સવ કરાવ્યામાં આવ્યો હતો.



આ પ્રસંગે શંભુજી ઠાકોર રાજ્ય સરકારની વિવિધ વિકાસ ની યોજના ઓ સમજ આપી અભ્યાસ ચાલુ થતા દરેક વર્ગની મલકાત લીધી દીપ પ્રાગટ્ય કયું. તથા શિક્ષકો વિદ્યાર્થીઓને અભિપ્રાય લીધો તેમની સાથે ટ્રસ્ટી વિનોદ રાઠોડ અને અમરસિંહ ગોલ તથા આચાર્ય નેલેશભાઈ પટેલ જોડાયા હતાં. તેમજ શિક્ષણ વિભાગના એ.ડી.આઈ ભરતભાઈ ચૌધરીએ પણ હાજર રહી વિદ્યાથીઓને માર્ગદર્શન આપ્યું હતું શિક્ષકોમા નારાયણભાઈ તથા રસિલાબેને વિદ્યાર્થીઓને આવકાર્યા હતા.પ્રથમ દિવસે કુલ-૫૦ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

# જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે ઈંગ્લીશ સપ્તાહની ઉજવણી થઈ



ગાંધીનગર, તા. ૧૧

દર વર્ષની જેમ આ વર્ષે પણ જે. એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે ઈંગ્લીશ વીકમાં વિવિધ સ્પર્ધાઓ યોજાય છે. આ વર્ષે પણ ધોરણ-૬ થી ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

જેનો વિષય હતો : 'Advantage and Disadvantage of Online Education', 'Positive Thinking is a Way of Life', 'My Favorite Festival'. જેવા વિષયો ઉપર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશાબેન મહેતા તેમજ પાર્થસારથિ દીપમાલાબેને કર્યું હતું.

પ્રતમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓને ઓનલાઈન સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.



## સૂની પડેલી શાળા વિદ્યાર્થીઓથી ફરી ધમધમી...

આખરે એ દિવસ આવી ગયો જે દિવસની શાળાના વિદ્યાર્થીઓ તથા શાળાના કર્માચારીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.સરકારની ગાઈડ લાઈન પ્રમાણે, ગાંધીનગરમાં આવેલી એસ. એસ વી કેમ્પસના ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ફરીથી શરૂ કરવામાં આવી.શાળાના બધા જ કર્માચારીઓ દ્વારા વિદ્યાર્થીઓનું બેન્ડ બાજા સાથે સ્વાગત કરવામાં આવ્યું. મા સરસ્વતીની પ્રાર્થના દ્વારા આ શુભ દિવસની શરૂઆત કરવામાં આવી. ઉપસ્થિત બધા જ લોકો દ્વારા વિદ્યાર્થીઓ માટે અતિ મહત્વનું કારકીર્દીનું આ વર્ષ સફળ રહે તેવી મા સરસ્વતીને પ્રાર્થના કરવામાં આવી. ઉપસ્થિત અતિથિઓ દ્વારા વિદ્યાર્થીઓને કલમ આપી શુભેચ્છા પાઠવવામાં આવી. આટલા મહિના ઘરે રહીને ઓનલાઈન અભ્યાસ કરી કંટાળી ગયેલા વિદ્યાર્થીઓએ શાળામાં અભ્યાસ કરીને આનંદ મેળવ્યો. સરકાર દ્વારા આપેલી ગાઈડલાઈનનું શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવ્યુ.

## જન્મદિને વધામણી



દક્ષા જાદવ
(સેક્રેટરી) લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના



ભરતકુમાર સી શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧



કજરી
હરેશભાઈ આચાર્ય
મો. ૯૮૨૪૯ ૯૨૨૪૭
મો. ૯૪૦૮૩ ૨૧૯૨૭



ખાંટ વ્રજ અરવિંદ
મો. ૮૮૪૯૦ ૫૮૩૪૭



નિહાન વિકાસ શાહ
મો. ૯૪૨૭૩ ૧૪૩૭૭

# પાવન પુણ્યતિથિએ પૂજ્ય માણેકલાલ પટેલને સ્મરણ વંદન

ભારતની ભૂમિ આધ્યાત્મિકતાની શ્રેષ્ઠ તપોભૂમિ છે. આ ભૂમિ પર અનેક પ્રભુભક્તો સાથે સાથે રાષ્ટ્રભકતો અને સંતોએ જન્મ લીધો છે. સ્વામી વિવેકાનંદ ૩૯ વર્ષ, ૫ મહિના અને ૨૨ દિવસના ટૂંકા જીવનમાં ૧૮૯૩માં શિકાગો ખાતે યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં ગયા અને ત્યપાં ભારતનું પ્રતિનિધત્વ કરી હિન્દુધર્મનો જયજયકાર કર્યો. ત્યારબાદ ભારત પરત આવ્યા અને દેશના યુવાનોનું મનોબળ મજબૂત કરવાનું ભગીરથ કાર્ય કર્યુ. તેમનાં સાત્વિક આચારણ, ઉત્સાહપ્રેરક વિચારો અને સંકલ્પ શક્તિથી દેશના યુવાનો પ્રભાવિત થતાં યુવાનોની પ્રેરણામૂર્તિ બની ગયા. સ્વામી વિવેકાનંદે શ્રીમદભગવતગીતા (જ્ઞાનકર્મસંન્યાયયોગ અધ્યાય-૪.૩૮) : કથિત

***ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમહિ વિદ્યતે ।***
***ત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ ॥૩૮॥***

**(આ સંસારમાં જ્ઞાનના જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી, એ જ્ઞાનને ઘણા સમય સુધી કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધાન્ત :કરણ થયેલો માણસ આપમેળે જ આત્મામાં પામે છે.)**

જ્ઞાનનામહિમાને તપસ્વી સ્વરુપે આત્મસાત કરી સમાજને નવી દિશા આપવાનું કાર્ય કર્યું છે. આ દિશામાં આજે કર્મયોગીઓ પણ પ્રવૃત્ત છે.

આ પરંપરાના અનુસંધાનમાં સ્વામી કેશવાનંદજી એ પણ તપસ્વી બનવા આવેલા છગનભાને પોતાના સમાજને શિક્ષિત કરવાની દીક્ષા આપીને દાનમાં પાંચ રૂપિયા આપ્યા હતાં. વતન પરત થયા બાદ કડવા પાટીદાર સમાજ સ્થાપિત 'કડવા પાટીદાર કેળવણી મંડળ'માં પોતાની જાતને સમર્પિત કરી દીધી. પ્રારંભમાં આશ્રમ અને બાદમાં શાળા શરૂ કરાવવામાં તેમનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે. ગામે ગામ ફરીને બાળકોને શિક્ષિત કરવા માટે હાથ લંબાવ્યા. અને ''કર ભલા હોગા ભલા''નું સૂત્ર સાર્થક કરી બતાવ્યું. સંસ્થા ૧૦૦ વર્ષ પૂર્ણ કરી ચૂકી છે. આ સંસ્થા આજે છગનભા પ્રદત્ત સૂત્રને અનુસરી પોતાનાં ધ્યેય પર અવિરત કાર્યરત છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંસ્થાના ''કર ભલા હોગા ભલા'' સૂત્રને સાર્થક કરતાં તેના આજપર્યતના તપસ્વીઓને આજે શબ્દાંજલિ અર્પિત કરું છું. વિદ્યા દાન જ સર્વશ્રેષ્ઠ છે તેનું જીવતું જાગતું ઉદાહરણ એટલે સર્વ વિદ્યાલય. આજે સંસ્થાના આરંભથી આજ સુધી જોડાયેલા તમામ કેળવણીના હિમાયતી તપસ્વીઓનાં કાર્યોને યાદ કરતાં નવી ઉર્જા અનુભવું છું. આ સર્વ વિદ્યાલયના પાયામાં રહેલા પૂજ્ય છગન ભા, નગીનભાઈ, પોપટભાઈ, બાપુભાઈ ગામી, પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ, શેઠ દુર્ગાપ્રસાદ લશ્કરી, તુલસીદાસ ગો. પટેલ, પુરુષોત્તમદાસ ર. પટેલ, સાંકળચંદ કા. પટેલ અને શિવાભાઈ પ્ર. પટેલ, બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, ધનાભાઈ હ. પટેલ, શ્રી માણેકલાલ એમ. પટેલ, લક્ષ્મીકાંત ભગુભાઈ, એન.કે. પટેલ, કેશુભાઈ પટેલ, ભોળાભાઈ ચ. પટેલ,કાળિદાસ ઝીણાભાઈ પટેલ, છગનભાઈ કા. પટેલ, ખોડાભાઈ શિ. પટેલ, હરગોવિંદભાઈ ધ. પટેલ, અંબાલાલ સો. પટેલ વગેરે તથા વર્તમાનમાં આ સંસ્થા સાથે જોડાયેલા દરેકે દરેક વ્યક્તિ સંસ્થા માટે પૂરી નિષ્ઠાથી સેવાકાર્યો કરનાર તપસ્વીઓ છે. આ સંસ્થાના આદર્શોને સાકાર કરવાના પ્રયાસોમાં સતત કાર્યરત છે. આજે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી અને સંસ્થાના કર્મઠ અને આજની પેઢીના માર્ગદર્શક સંસ્થાના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલ 'સાહેબક્ષ્ની ૯મી પુણ્યતિથિ છે. તેમનાં વ્યક્તિત્વ અને કાર્યનિષ્ઠા અસાધારણ હતાં. તેમનાં કાર્યોને નવાજતાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ-કડીના પૂર્વ પ્રમુખ અને જાણીતા સાહિત્યકાર સ્વ. મોહનલાલ પટેલ સાહેબે નોધેલ શબ્દો: ''સંસ્થાના પૂર્વ ચેરમેનશ્રી માણેકલાલ એમ. પટેલની નીતિરીતિ ઉદારતાના કારણે તંત્રમાં ક્યાંય અર્થોપાર્જનની લોલુપતાની આડખીલી નથી. વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ભરપૂર સાધન-સામગ્રી, સંદર્ભગ્રંથોથી સભર સમૃદ્ધ પુસ્તકાલયો, ઈતર પ્રવૃત્તિઓના બજેટમાં કશી ઓછપ નહીં... અહીં સંસ્થાના બેડાના ખેવૈયામાં દષ્ટિ અને ઉદારતામાં ખામી કયાંય શોધી જડે એમ નથી. સંસ્થા માટે દેવું થાય તોપણ એમાંથી સુપેરે દાનનો માર્ગ શોધી લેવાની શ્રી માણેકદાદામાં આવડત છે એટલે દેવું કરીને પણ સંસ્થાનો વિકાસ સાધવાની ખેવના એમનામાં હતી.''

**'શિક્ષણ એ જ સાચી સેવા' - સિદ્ધ કરતી સંસ્થા : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**

પ્રસંગસર
મિતેશ મોદી

એક માત્ર ગુણવત્તાશીલ શિક્ષણ જ નહીં પરંતુ, સેવાપરાયણ માનવીય અભિગમ જાળવી રાખીને સંસ્થા સમાજમાં એક ઉદાહરણ સ્વરૂપ બની રહી છે. માર્ચ ૨૦૨૦થી આજ દિન સુધી વિશ્વ ''કોરોના'' રોગની મહામારીમાંથી પસાર થઈ રહ્યું છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈએ સંસ્થાની હોસ્ટેલોમાં બે હજાર વ્યક્તિઓને કવૉરટાઈનમાં રાખી શકાય તેવી વ્યવસ્થા તૈયાર કરતાં રાજય સરકાર દ્વારા જરૂરિયાત અનુસાર તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વધુમાં કડી-ગાંધીનગર ખાતે ૨૦૦૦થી અધિક પરિવારોને લોકડાઉન ચાલે ત્યાં સુધી પર્યાપ્ત માત્રામાં અનાજ, કરિયાણું અને તેલ જેવી ચીજ-વસ્તુઓ ભરેલી કીટ તૈયાર કરીને જરૂરિયામંદ પરિવાર સુધી પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત દરરોજ ૧,૦૦૦થી વધુ નિરાશ્રિતોને ભોજન વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવી હતી. વાહનોની જરૂર પડે તો સંસ્થાની તમામ સ્કૂલબસોને સેનેટાઈઝ કરીને તૈયાર રાખવામાં આવી હતી. આ સાથે કોઈપણ પ્રકારની ઈમરજન્સી માટે કડી અને ગાંધીનગર કેમ્પસ દ્વારા ઈમરજન્સી નંબર તથા પેરા મેડિકલ અને તાલીમી કર્મચારીઓને સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ છે કે, વિદ્યાર્થીઓનાં શિક્ષણનાં હિતોને ધ્યાને લઈને સરકાર દ્વારા લોકડાઉનની જાહેર કર્યા પૂર્વે જ સર્વ વિદ્યાલય સંચાલિત તમામ શાળા-કોલેજો દ્વારા ઓનલાઈન શિક્ષણ-પ્રશિક્ષણ વર્ગો શરૂ કર્યાં હતાં. આજે પણ ઓનલાઈન વર્ગશિક્ષણની સાથે વાલીઓ સાથે સંપર્કસેતુ જાળવી રાખી વિદ્યાર્થીઓને હૂંફ આપવાનો પ્રયાસ ચાલુ જ છે.



એક અખબારી યાદીમાં સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે, ''સંસ્થા છગન ભા એ આપેલા 'કર ભલા હોગા ભલા' સૂત્રના નામ સાથે કામ કરી રહી છે. સંસ્થા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને દાતાઓના સહયોગથી ચાલી રહી છે. કપરાં કાળમાં કડી-ગાંધીનગર પંથકના લોકોની સેવા કરી સંસ્થા આ બધાનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કરી રહી છે.'' આમ, સર્વ વિદ્યાલય શિક્ષણની સાથે સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં પણ મહત્વનું યોગદાન આપી રહી છે. સ્વ.માણેકદાદાના જે આદર્શો હતા એ બધાને વલ્લભભાઈ એક પછી એક સાકાર કરી રહ્યાં છે. ૧૨ જાન્યુઆરી ૨૦૧૩ માણેકદાદાની પ્રથમ પુણ્યતિથિથી ''માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ સ્કોલરશિપ'' એનાયત કરવામાં આવે છે. આ અન્વયે આ સંસ્થા દ્વારા આજ સુધી ૧૦ કરોડથી અધિક રૂપિયા વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ સ્વરૂપે આપવામાં આવ્યાં છે.

છગનભા દ્વારા અપાયેલા મંત્ર ''કર ભલા હોગા ભલા'' અને પૂજય માણેકલાલ સાહેબના ''શિક્ષણ એ જ સારી સેવા'' પરિપૂર્તિ માટે આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ હોદેદારો, દાતાશ્રીઓ, શિક્ષક સહિત તમામ સ્ટાફ પ્રયત્નશીલ બની રહ્યાં છે. એક નાગરિક તરીકે હું જોઈ રહ્યો છું કે, પ્રજાજનોએ મહાત્મા ગાંધીજીની શીખઃ ''આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજયના લોકો રક્ષો અને પોષો એ ઈચ્છવા જોગ છે. અહીં તમારા છોકરાને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.'' — હૈયે ધરીને પોતાનાં બાળકોને આ શાળામાં અભ્યાસ માટે મોકલવા પ્રાથમિકતા આપી રહ્યાં છે. આ જ બાબત સંસ્થાની આગવી મૂડી બની જાય છે.